(સ.મૂ.વ.)૩૩૦–૫૦–૦૦૦–૧–૨૦૦૬
G.P.C. Schedule.1 Appr.D.No.1] Civ A37g

# <u>અસલ હુકમનામું</u>

અસલ ફરિયાદીનું હુકમનામું
(ઓ. ૨૦ કા.–૬–૭)
(ફોર્મ નં. ૧ પરિશિષ્ટ, શેડયુલ–૧)

## <u>ઉમરેઠના મહે. એડીશનલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ઉમરેઠ.</u>

**સમરી દિવાની દાવા નં.૭૦/૨૦૨૩**
**આંક : ૧૮**

<u>વાદીઃ</u>

બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક, ઉમરેઠ શાખા
તા.ઉમરેઠ, જી.આણંદ, અધિકૃત સહીકર્તા,
કેતનકુમાર સતિષચંદ્ર પુરબિયા

<u>**વિરૂદ્ધ**</u>

<u>પ્રતિવાદીઃ</u>

(૧) સુરાભાઈ રામાભાઈ ભરવાડ
(૨) અમરસિંહ હિંમતસિંહ પરમાર
(૩) યાસીનખાન હુસેનખાન પઠાણ**(એબેટ)**
તમામ રહે. ગામ–સુરેલી, તા.ઉમરેઠ, જી.આણંદ.

**ફરિયાદ દાખલ કર્યાની તારીખ : ૨૮ મી માહે જુલાઈ સને ૨૦૨૩**
**ફરિયાદ ફેસલ કર્યાની તારીખ : ૦૨ જી માહે જુલાઈ સને ૨૦૨૬**

<u>**દાવો : – સી.પી.સી. હુકમ–૩૭ નિયમ–(૧)(૨) મુજબ લેણી રકમ વસુલ લેવા બાબતે.**</u>

આ કામના વાદીની દાવાની હકીકત એવી છે કે, આ કામના વાદી પાસેથી પ્રતિવાદીએ ધિરાણ મેળવેલ છે. જે તે આ કામના વાદી ધ્વારા દાવા અરજીમાં જણાવ્યા મુજબ પ્રતિવાદીને રૂા.૧,૦૦,૦૦૦/– ની ડેરી લોન આપવામાં આવેલ હતી. જે લોન ભરપાઈ કરવામાં પ્રતિવાદીએ કસુર કરતા વાદીએ પ્રતિવાદી પર હાલનો દાવો લાવેલ છે. આ કામના વાદી એ જાહેર સંસ્થા છે અને વાદીએ પ્રતિવાદી પાસેથી દાવા અરજીમાં જણાવેલી વિગતે પોતાની ચઢેલ લેણી રકમ રૂા.૧,૪૪,૭૬૭.૦૦/– અંકે રૂપીયા એક લાખ ચુંમાલીસ હજાર સાતસો સડસટ પુરા વાર્ષિક ૧૧% ના વ્યાજ સાથે તથા ૨% ઓવર ડયુ ઈન્ટરેસ્ટ સાથે વસુલ મેળવવા સી.પી.સી. હુકમ–૩૭ નિયમ–(૧)(૨) મુજબ હાલનો દાવો કરેલ છે અને તે મુજબ દાવામાં દાદ માંગેલ છે.

આ ફરિયાદ આજ તારીખ : ૦૨/૦૭/૨૦૨૬ નાં રોજ ઉમરેઠનાં મહે. એડીશ્નલ સીવીલ જજ શ્રી પી.પી. ચૌહાણ સાહેબની રૂબરૂમાં વાદી તરફનાં વિ. વ. શ્રી એસ.એ.તેરેદેસાઈ તથા પ્રતિવાદી તરફે બી.એસ.સોલંકી ની હાજરીમાં આખર નિકાલ માટે નિકળવાથી આંક– ૧૭નાં હુકમનાં આધારે અવું ફરમાવવામાં આવે છે તથા એવું હુકમનામું કરી આપવામાં આવે છે કે :

**–: હુકમ:–**

(૧) વાદીનો દાવો **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીઓએ વાદીની બાકી નિકળતી લેણી રકમ **રૂા.૧,૪૪,૭૬૭.૦૦/–** અંકે રૂપીયા એક લાખ ચુંમાલીસ હજાર સાતસો સડસટ પુરા દાવો દાખલ થયાની તારીખથી સદર રકમ વસુલ મળે ત્યાં સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજના દરે વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવો અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

**હુકમ આજરોજ તા.૦૨ જી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.**

**સમરી દિવાની દાવા નં. ૭૦/૨૦૨૩**

**ખર્ચનો આંકડો**

| અનુ. | વાદીને થયેલો | રૂા. પૈસા | અનુ. | પ્રતિવાદીને થયેલો | રૂા. પૈસા |
|---|---|---|---|---|---|
| ૧ | ફરીયાદ અરજીનો સ્ટાંપ | ૬,૯૫૦ .૦૦ | ૧ | સામા દાવા ઉપર ઉલટા દાવના સ્ટાંપ | ૦૦.૦૦ |
| ૨ | મુખત્યારનામાનો સ્ટાંપ | ૨.૦૦ | ૨ | મુખત્યારનામાનો સ્ટાંપ | ૦૨ .૦૦ |
| ૩ | રજુ કરેલા કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | | ૩ | રજુ કરેલા કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | |
| ૪ | સાક્ષીઓની ખોરાકી | | ૪ | સાક્ષીઓની ખોરાકી | |
| ૫ | ફરીયાદમાના દાવા ઉપર પ્લીડર ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૧૦૦.૦૦ | ૫ | પ્લીડર ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | |
| ૬ | પ્રોસેસ બજવણી | | ૬ | પ્રોસેસ બજવણી | |
| ૭ | કમીશન ફી | | ૭ | કમીશન ફી | |
| ૮ | તરજૂમાની ફી | | ૮ | તરજૂમાની ફી | |
| ૯ | નકલ ફી | | ૯ | નકલ ફી | |
| ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | |
| ૧૧ | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | | ૧૧ | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | |
| | કુલ | ૭,૦૫૨ .૦૦ | | કુલ | ૦૨ .૦૦ |
| | નહી આપેલો ખર્ચ | | | નહી આપેલો ખર્ચ | |
| | ફરીયાદ અરજી ઉપર | | | ફરીયાદ અરજી ઉપર | |
| | પ્લીડરની ફી | | | પ્લીડરની ફી | |
| | પ્રોસેસ ઉપર | | | પ્રોસેસ ઉપર | |
| | રજુ કરેલા કાગળો ઉપર (આગળ જૂઓ) | | | રજુ કરેલા કાગળો ઉપર (આગળ જુઓ) | |
| | બાકી | | | બાકી | |

આજરોજ તારીખ ૦૨ મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

કોર્ટનો સિકકો

તૈયાર કરનાર | મુકાબલ કરનાર

આસીસ્ટન્ટ
એડીશ્નલ સીવીલ કોર્ટ,
ઉમરેઠ.

સુપ્રિટેન્ડન્ટ
એડીશ્નલ સીવીલ કોર્ટ,
ઉમરેઠ.

**એડીશ્નલ સીવીલ જજ,**
**ઉમરેઠ.**

(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલ દસ્તાવેજો માહેથી અપીલના નિકાલ થયા પછી કોઇપણ દસ્તાવેજ લઇ જવામાં નહી આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર થશે.)